# ભરઉનાળે વરસાદનું યલો એલર્ટ

**ઉત્તર ગુજરાતમાં** નીચલા સ્તરે ચક્રવાતી પરિભ્રમણ સર્જાયું

**દક્ષિણ** અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર

અમદાવાદ : રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. જેમાં અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગર ખાતે સર્વોચ્ચ 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે, જેનાથી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળશે. જોકે, ૭ એપ્રિલથી વધુ એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતને અસર કરે તેવી શક્યતા છે, જેની અસર ગુજરાતના વાતાવરણ પર પણ જોવા મળી શકે છે. વરસાદી માહોલને જોતા ખેડૂતોને માલ-સામાન સુરક્ષિત રાખવા અપીલ કરવામાં આવી છે.આ ઉપરાંત ગાંધીનગર અને વડોદરામાં 36 ડિગ્રી, રાજકોટ, સુરેન્દ્રનગર અને સુરતમાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 34 ડિગ્રી, પોરબંદર, કેશોદ અને મહુવામાં 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.કચ્છ વિસ્તારમાં ભુજમાં 31 ડિગ્રી, નલિયા અને કંડલામાં 32 થી 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉપરાંત ડીસામાં 34 ડિગ્રી અને દમણમાં 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાનની પરિસ્થિતિ અંગે વાત કરીએ તો ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં નીચલા સ્તરે ચક્રવાતી પરિભ્રમણ સર્જાયું છે. તેમજ પશ્ચિમ વિક્ષેપ (Western Disturbance) હાલ દક્ષિણ અફઘાનિસ્તાન-પાકિસ્તાન વિસ્તારમાં સક્રિય છે, જ્યારે 7 એપ્રિલથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવું પશ્ચિમ વિક્ષેપ અસરકારક બનવાની શક્યતા છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધી ઘટાડો નોંધાઈ શકે છે, ત્યારબાદ ખાસ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

### આજે કરા પડશે, ગાજવીજ અને પવન સાથે વરસાદ

હવામાન વિભાગે 4 એપ્રિલ માટે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને અરવલ્લી જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા-ભડાકા સાથે હળવો થી મધ્યમ વરસાદ અને 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.તે જ રીતે સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, મોરબી, દ્વારકા, બોટાદ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને અરવલ્લીમાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દ્વારકા, બોટાદ અને કચ્છમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે. ખાસ કરીને દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપી જિલ્લાઓમાં ગાજવીજ અને વીજળીના કડાકા સાથે હળવો વરસાદ અને કેટલીક જગ્યાએ કરા પડવાની પણ શક્યતા સેવાઈ રહી છે.

# ત્રણ ટર્મ પૂર્ણ થઈ હોય તેને ભાજપ મોકો નહીં આપે

**ભાજપમાં** નવા ચહેરા અને જૂના દિગ્ગજો વચ્ચે જંગ

ગાંધીનગર : ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ દ્વારા રાજ્યભરની મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની બેઠકો માટે 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં અનેક દિગ્ગજો, યુવા ચહેરાઓ અને સામાજિક આગેવાનોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી છે. રાજ્યભરમાં આશરે 10 હજાર સીટો માટે ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા તેજ બની છે અને હજારો કાર્યકરો ટિકિટ માટે દાવેદારી નોંધાવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીને "સત્તાની સેમિફાઈનલ" તરીકે જોવામાં આવી રહી છે. ભાજપ સંગઠનાત્મક શક્તિ સાથે મેદાનમાં ઉતર્યું છે. હવે આવતીકાલે ભાજપની સંકલન સમિતિની બેઠક યોજાશે. તે પછી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જો કે ભાજપે સંભવિત નિયમો બનાવ્યા છે તેમાં એક નિયમ એ પણ છે કે જેમણે ત્રણ ટર્મ પૂર્ણ કરી હોય તેમને તક આપવામાં નહીં આવે.

### ભાજપના ટિકિટ માટેના સંભવિત નિયમો

ભાજપના ટિકિટ માટેના સંભવિત નિયમો અંગે પાર્ટીના પ્રવક્તા અનિલ પટેલે સ્પષ્ટ કર્યું છે કે હાલ કોઈ ચોક્કસ વય મર્યાદા નક્કી નથી, પરંતુ ભાજપના આંતરિક સૂત્રો મુજબ પાર્ટી નેતાદીરીએ ટિકીટ આપવા માટે નક્કી કરેલા માપદંડો પણ ચર્ચામાં છે:

(૧) ૬૦ વર્ષથી વધુ વયનાને ટિકિટમાં પ્રાધાન્ય આપવામાં આવશે નહીં,
(૨) જે ઉમેદવારોએ અગાઉ ત્રણ ટર્મ પૂરી કરી હોય તેમને ફરી મોકો આપવામાં આવશે નહીં,
(૩) એક પરિવારમાંથી માત્ર એક જ વ્યક્તિને ટિકિટ આપવાનો કડક નિયમ
(૪) ઉમેદવારની સોશિયલ મીડિયા એક્ટિવિટી તેમજ તેમના ફોલોઅર્સની સંખ્યાને પણ પસંદગી પ્રક્રિયામાં વિશેષ રીતે ધ્યાને લેવામાં આવશે.

### રાજકોટમાં નવા ચહેરાઓને તક, દિલીપ સરવૈયા મેદાનમાં

રાજકોટમાં ભાજપની સેન્સ પ્રક્રિયામાં યુવાનોને પ્રાથમિકતા આપવાની ચર્ચા છે. જાણીતા હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયાના પુત્ર દિલીપ સરવૈયાએ જિલ્લા પંચાયત માટે દાવેદારી નોંધાવી છે. તેઓએ જણાવ્યું કે, પાર્ટી ટિકિટ આપે તો વિકાસ કાર્યોને આગળ વધારશે અને પિતાની લોકપ્રિયતાનો ફાયદો મળશે.

### અમદાવાદમાં મોટા પાયે ટિકિટ કપાવાની શક્યતા

અમદાવાદમાં ભાજપે 48 વોર્ડ માટે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરવાની દિશામાં કામ શરૂ કર્યું છે. પાર્ટીના આંતરિક નિયમોને કારણે 40થી વધુ હાલના કોર્પોરેટરોની ટિકિટ કપાઈ શકે છે. ઉંમર, ત્રણ ટર્મ અને ગેરશિસ્ત જેવા મુદ્દાઓને આધારે આ નિર્ણય લેવાઈ શકે છે.

### બગદાણા વિવાદના નવનીત બાલધિયા કોંગ્રેસમાં

રાજકીય ઉથલપાથલ વચ્ચે બગદાણાના સેવક નવનીત બાલધિયાએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયેલા નવનીતે ભાજપ સરકાર પર અન્યાયનો આરોપ લગાવી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કોળી સમાજમાં નવનીત પ્રત્યેની સહાનુભૂતિ કોંગ્રેસ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

## અમદાવાદમાં CNGના ભાવમાં ફરી દોઢ રૂપિયાનો વધારો

અમદાવાદ : અમદાવાદમાં વાહનચાલકો માટે ફરી એકવાર મોંઘવારીનો ઝટકો આવ્યો છે, અદાણી ટોટલ ગેસ લિમિટેડ (ATGL) દ્વારા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG)ના ભાવમાં પ્રતિ કિલો રૂ. 1.50નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો 2 એપ્રિલ 2026થી અમલમાં આવ્યો છે અને નવા દર મુજબ અમદાવાદમાં CNGનો ભાવ હવે રૂ. 83.77 પ્રતિ કિલો થઈ ગયો છે. આ ભાવવધારાની સીધી અસર શહેરના હજારો ઓટો-રિક્ષા ચાલકો, CNG ટેક્સી ઓપરેટરો અને મધ્યમવર્ગના વાહનચાલકો પર પડશે, જેમને પહેલેથી જ વધતી મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે. વર્ષ 2026ની શરૂઆતમાં 1 જાન્યુઆરીએ CNGના ભાવમાં રૂ. 1.21નો ઘટાડો કરવામાં આવ્યો હતો, જેના કારણે થોડોક સમય માટે રાહત અનુભવાઈ હતી, પરંતુ ત્યારબાદ ફરી વધારાનો સિલસિલો શરૂ થયો. 7 ફેબ્રુઆરી 2026ના રોજ રૂ. 0.50નો વધારો કરવામાં આવ્યો હતો અને હવે 2 એપ્રિલે વધુ રૂ. 1.50નો વધારો થતાં જાન્યુઆરીમાં મળેલી રાહત સામે અત્યાર સુધીમાં કુલ રૂ. 2.00નો વધારો થઈ ગયો છે. અદાણી દ્વારા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસમા છેલ્લા કેટલાક વર્ષોથી CNGના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ 2025 દરમિયાન ચાર વખત ભાવ વધારવામાં આવ્યા હતા, જેના કારણે કુલ રૂ. 3.40નો વધારો થયો હતો.

# ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધની વચ્ચે સૈન્યના વડા અને એટર્ની જનરલને કેમ ગડગડિયું આપ્યું?




યુદ્ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકાની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે યુદ્ધ શરૂ કર્યું ત્યારે તેમણે ધાર્યું હતું કે ચાર દિવસમાં યુદ્ધ પૂરું થઈ જશે, તહેરાનમાં નવી સરકારની સ્થાપના થઈ જશે અને અમેરિકાનો જયજયકાર થઈ જશે. યુદ્ધના પહેલા જ દિવસે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરવામાં અમેરિકાને સફળતા મળી હતી, પણ તેથી ઈરાન હાર્યું નહોતું. નવા નેતાની વરણી કરીને ઈરાને જંગ ચાલુ રાખ્યો હતો. ઈરાને અમેરિકા પર સીધો હુમલો કરવાને બદલે ગલ્ફમાં આવેલા તેના લશ્કરી અડ્ડાઓ નષ્ટ કરવાનું ચાલુ કર્યું. આ કારણે અમેરિકાના સાથીદારો ગભરાઈ ગયા હતા. અમેરિકા તેમને બચાવી ન શક્યું, જેને કારણે અમેરિકાની આબરૂના લીરે લીરા ઊડી ગયા હતા.

હાર્યો જુગારી બમણું રમે એ ન્યાયે ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની ધરતી ઉપર અમેરિકાનું સૈન્ય ઊતારવાની તૈયારી કરી હતી. ઈરાને ધમકી આપી હતી કે તમારો એક પણ સૈનિક જીવતો પાછો નહીં જાય. ડોનાલ્ડ ટ્રમ્પ ડરી ગયા હતા અને તેમણે મુદ્દત પાડી હતી. આ બાજુ સમાચાર આવ્યા કે હતાશામાં આવેલા ટ્રમ્પ ઈરાન પર અણુહુમલો કરવાની વેતરણમાં છે. બીજી બાજુ સમાચાર આવ્યા કે અમેરિકાના સૈન્યના વડાઓ ઈરાનમાં સૈન્ય મોકલવાના અને તેના પર અણુહુમલો કરવાના વિરોધમાં છે. હવે ઘાંઘા બનેલા ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધના વચ્ચમાં તેમના સૈન્યના વડાને રાજીનામું આપવાની ફરજ પાડી છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગ્સેથે દેશના આર્મી ચીફ ઓફ સ્ટાફ જનરલ રેન્ડી જ્યોર્જને પદ છોડવા કહ્યું છે. આર્મી ચીફ ઓફ સ્ટાફને બદલવાનો હેગ્સેથેનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકાનું સૈન્ય ઈરાન સામે ભીષણ લશ્કરી કાર્યવાહીમાં રોકાયેલ છે. કોઈ યુદ્ધની વચ્ચમાં સૈન્યના વડાની બરતરફી કરવાનો અર્થ ગંભીર મતભેદો સિવાય બીજો હોઈ શકે નહીં. આ વિદાય દર્શાવે છે કે ઈરાન યુદ્ધ વચ્ચે ટ્રમ્પ વહીવટીતંત્ર એવા લશ્કરી નેતૃત્વની શોધમાં છે જે ટ્રમ્પ અને હેગ્સેથની વ્યૂહરચના સાથે સુસંગત હોય.

જ્યોર્જ રેન્ડી વેસ્ટ પોઈન્ટના સ્નાતક છે. તેઓ દાયકાઓ સુધી લશ્કરી સેવા આપનાર કારકિર્દી પાયદળ અધિકારી છે. તેમને ૧૯૮૮માં કમિશન મળ્યું. તેમણે ઓપરેશન્સ ડેઝર્ટ શીલ્ડ, ડેઝર્ટ સ્ટોર્મ, ઓપરેશન ઇરાકી ફ્રીડમ અને ઓપરેશન એન્ડ્યુરિંગ ફ્રીડમ દરમિયાન સેવા આપી હતી. જ્યોર્જને તત્કાલીન રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા આર્મી ચીફ ઓફ સ્ટાફના પદ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા અને ૨૦૨૩ માં સેનેટ દ્વારા તેમની નિમણૂક બહાલ કરવામાં આવી હતી. ચાર વર્ષના કાર્યકાળ હેઠળ તેઓ ૨૦૨૭ સુધી આ પદ પર રહેવાના હતા. આર્મી ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્ત થયા પહેલાં જ્યોર્જ ૨૦૨૨ થી ૨૦૨૩ સુધી વાઇસ ચીફ ઓફ સ્ટાફ તરીકે અને ૨૦૨૧ થી ૨૦૨૨ સુધી સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિનના સહાયક તરીકે સેવા આપી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન જ્યોર્જ તેમના પદ પરથી દૂર કરવામાં આવેલા છેલ્લા વરિષ્ઠ લશ્કરી અધિકારી છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા ટોચના લશ્કરી અધિકારીઓને હટાવ્યા છે, જેમાં જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ચાર્લ્સ બ્રાઉનનો સમાવેશ થાય છે, જેમને તેમણે ફેબ્રુઆરી ૨૦૨૫ માં કોઈ પણ સમજૂતી વિના બરતરફ કર્યા હતા. દૂર કરાયેલા અન્ય વરિષ્ઠ અધિકારીઓમાં નૌકાદળ અને કોસ્ટ ગાર્ડના વડાઓ, રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીનું નેતૃત્વ કરનાર જનરલ, વાયુસેનાના વાઇસ ચીફ ઓફ સ્ટાફ, નાટોમાં તૈનાત નૌકાદળના એડમિરલ અને ત્રણ ટોચના લશ્કરી વકીલોનો સમાવેશ થાય છે. વાયુસેનાના વડાએ પણ તેમના ચાર વર્ષના કાર્યકાળમાંથી માત્ર બે વર્ષ પૂર્ણ કર્યા પછી કોઈ કારણ આપ્યા વિના નિવૃત્તિની જાહેરાત કરી હતી. યુએસ સધર્ન કમાન્ડના વડા પણ માત્ર એક વર્ષ કાર્યકાળ પછી નિવૃત્ત થયા હતા.

ચીફ ઓફ સ્ટાફના અકાળ રાજીનામા અંગે કોઈ સત્તાવાર સમજૂતી આપવામાં આવી નથી. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે એક નિવેદનમાં ફક્ત એટલું જ કહ્યું કે જનરલ રેન્ડી એ. જ્યોર્જ આર્મીના ૪૧મા ચીફ ઓફ સ્ટાફ તરીકે અસરકારક રીતે નિવૃત્ત થશે. સંરક્ષણ વિભાગ જનરલ જ્યોર્જની આપણા રાષ્ટ્ર પ્રત્યેની દાયકાઓની સેવા માટે આભારી છે. અમે તેમની નિવૃત્તિમાં તેમને શુભેચ્છા પાઠવીએ છીએ. ગયા વર્ષે પેન્ટાગોનના વડાએ સૈન્યમાં સક્રિય-ડ્યુટી ફોર-સ્ટાર જનરલો અને એડમિરલોની સંખ્યામાં ઓછામાં ઓછા ૨૦ ટકાનો ઘટાડો કરવાનો આદેશ આપ્યો હતો.

આ ઉપરાંત જનરલો અને ફ્લેગ અધિકારીઓની સંખ્યામાં પણ ૧૦ ટકાનો ઘટાડો કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જ્યોર્જ રેન્ડીનું સ્થાન જનરલ ક્રિસ્ટોફર લાનેવ લેશે, જે હાલમાં વાઇસ ચીફ ઓફ સ્ટાફ છે અને અગાઉ હેગ્સેથના લશ્કરી સાથીદાર હતા. તેમણે ૨૦૨૨ થી ૨૦૨૩ સુધી અમેરિકન આર્મીના ૮૨મા એરબોર્ન ડિવિઝનના કમાન્ડિંગ જનરલ તરીકે સેવા આપી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પના એક પછી એક પાસાંઓ અવળાં પડી રહ્યાં છે તેમ તેઓ પોતાના નજીકના વિશ્વાસુ સાથીદારોનો જ ભોગ લઈ રહ્યા છે. તેમણે સૈન્યના વડા જનરલ જ્યોર્જ રેન્ડી ઉપરાંત એટર્ની જનરલ પામ બોન્ડીને પણ રાજીનામું આપવાની ફરજ પાડી છે. પામ બોન્ડીનો કાર્યકાળ નોંધપાત્ર વિવાદોથી ભરેલો રહ્યો હતો, જેમાં આરોપો લગાવવામાં આવ્યા હતા કે તેમણે ન્યાય વિભાગની પરંપરાગત સ્વતંત્રતાને ખતમ કરી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એટર્ની જનરલ પામ બોન્ડીની પ્રશંસા કરી તેમને એક મહાન દેશભક્ત અને વફાદાર સાથીદાર ગણાવ્યાં હતાં. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે પામ બોન્ડી ખાનગી ક્ષેત્રમાં નવી જવાબદારીઓ સંભાળવા જઈ રહ્યાં છે.

પામ બોન્ડીના કાર્યકાળ દરમિયાન મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા હતા અને ઘણા અનુભવી અધિકારીઓએ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હતું. આનાથી ન્યાય વિભાગમાં અસ્થિરતા અને તણાવનું વાતાવરણ સર્જાયું હતું. સૌથી મોટો વિવાદ જેફરી એપસ્ટેઇન કેસ સાથે સંબંધિત હતો. પામ બોન્ડી જેફરી એપસ્ટેઇનના ટ્રાફિકિંગ કેસ સંબંધિત ફાઇલોને લઈને ભારે દબાણ હેઠળ હતી. શરૂઆતમાં તેણીએ એપસ્ટેઇનનું ક્લાયન્ટ લિસ્ટ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ બાદમાં ન્યાય વિભાગે સ્વીકાર્યું કે આવા કોઈ દસ્તાવેજો અસ્તિત્વમાં નથી. આ બાબતે તેણીને તેના પોતાના સમર્થકો તરફથી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ડેમોક્રેટિક નેતાઓએ બોન્ડી પર ન્યાય વિભાગને બદલો લેવાના સાધનમાં ફેરવવાનો આરોપ મૂક્યો હતો. પામ બોન્ડીએ પોતે જણાવ્યું હતું કે તે ન્યાય વિભાગની વિશ્વસનીયતા પુન:સ્થાપિત કરવા અને અગાઉના વહીવટ દરમિયાન થયેલી કથિત ભૂલોને સુધારવા માટે કામ કરી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના તેના સંબંધો ખૂબ જ નજીકના માનવામાં આવતા હતા. તેણીએ ખુલ્લેઆમ તેમને ટેકો આપ્યો હતો અને ઘણી વાર જાહેરમાં તેમની પ્રશંસા કરી હતી. સમય જતાં ડોનાલ્ડ ટ્રમ્પ તેના કામથી અસંતુષ્ટ થઈ ગયા હતા, કારણ કે તેમને લાગતું હતું કે પામ બોન્ડી તેમના રાજકીય વિરોધીઓ સામે પગલાં લેવામાં નિષ્ફળ ગઈ છે. પામ બોન્ડીને હટાવવાથી ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળ ન્યાય વિભાગમાં ચાલી રહેલા ફેરફારોમાં વધુ એક પગલું ભરાયું છે. તેમના બંને કાર્યકાળ દરમિયાન ઘણા એટર્ની જનરલને કાં તો દૂર કરવામાં આવ્યા હતા અથવા તેમને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી.

સફળ નેતા તેને કહેવાય, જે પોતાના બધા સાથીદારોને સાથે લઈને ચાલી શકે અને પોતાની સફળતાનું શ્રેય પોતાના સાથીદારોને આપી શકે. નિષ્ફળ નેતા તેને કહેવાય, જે પોતાની નિષ્ફળતાનો દોષ પોતાના સાથીદારોના માથે ઢોળી દે અને તેમનો ભોગ લઈ લે. ડોનાલ્ડ ટ્રમ્પ પોતે તો ડૂબી રહ્યા છે પણ તેની સાથે અમેરિકા જેવી વિશ્વની મહાસત્તાને પણ ડૂબાડી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઈરાન સામેના યુદ્ધમાં થયેલા ધબડકાને કારણે ડોનાલ્ડ ટ્રમ્પના એક પછી એક પાસાંઓ અવળાં પડી રહ્યાં છે તેમ તેઓ પોતાના નજીકના વિશ્વાસુ સાથીદારોનો જ ભોગ લઈ રહ્યા છે**

## BUSINESS મિત્ર

# ક્રિપ્ટોમાં વિશ્વાસ ઘટ્યો, બિટકોઇનમાં મોટાપાયે વેચવાલી

**બિટકોઇનમાં** વેચવાલીએ ઓક્ટોબરમાં ટોચના 1.26 લાખ ડોલરથી 45 ટકા ઘટ્યો હતો : ઇથરમાં 5.9 ટકાનો ઘટાડો

નવી દિલ્હી, તા. 3 : મીડલ ઈસ્ટની કટોકટીના પરિણામો વિશે વધતી જતી ચિંતા અને ઘટાડાના કોઈ સંકેત ન બતાવવાને કારણે, બિટકોઈન એક મહિનાથી વધુ સમય માટે તેની ટ્રેડિંગ રેન્જના નીચલા સ્તરની નજીક આવી ગયું છે. તમામ ક્રિપ્ટોકરન્સીના ભાવ ઘટ્યા હતા. બજાર મૂલ્યની દ્રષ્ટિએ સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઈન 3.6 ટકા ઘટીને 65709 ડોલર પર પહોંચી હતી. ઈથરમાં 5.9 ટકાનો ઘટાડો થયો હતો.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ભાષણમાં ઈરાન પર હુમલો કરવાનું ચાલુ રાખવાના સંકેત સાથે, હોર્મુઝની સામુદ્રધુનિ ટૂંક સમયમાં ફરીથી ખુલવાના થોડા સંકેતો મળ્યા હતા. ક્રુડના ભાવમાં સતત વધારો થવાની અપેક્ષાએ ડબલ્યુટીઆઈ ક્રૂડ ઓઈલ 111 ડોલર પ્રતિ બેરલને વટાવી ગયો હતો ત્યારે શેરો અને બોન્ડ્સમાં વધઘટ થઈ હતી.

અન્ય ઘણી સંપત્તિની તુલનામાં, બિટકોઈનએ સંઘર્ષ દરમિયાન સારૂં પ્રદર્શન કર્યું હતું. પાંચ મહિનાના ઘટાડા પછી, માર્ચમાં તે પાછલા મહિના કરતા 2 ટકા વધુ બંધ થયું હતું. ઊર્જા ફુગાવાની ચિંતા સાથે, સોનું, ઘણીવાર સલામત આશ્રયસ્થાન સંપત્તિ, માર્ચમાં 11 ટકાથી વધુ ઘટ્યું હતું. તેમ છતાં, બિટકોઈનની ઊંચી માંગ નથી. માર્ચમાં વધારો હોવા છતાં, ટોકન તેની ઓક્ટોબર ટોચ 1.26 લાખ ડોલરથી 45 ટકા ઘટ્યો છે. જોકે, આવી સ્થિતિમાં બિટકોઈનનો ભાવ 60000 ડોલરની નીચે ઉતરી જાય તેવી સ્થિતિ છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે બેથી ત્રણ સપ્તાહમાં અમેરિકન સૈનિકો ઈરાન છોડી દેશે, પરંતુ ત્યાં સુધીમાં આ કાર્યવાહી વધુ વધી શકે છે.

એક સમસ્યા એ છે કે મોટા બિટકોઈન ધારકોમાં વિશ્વાસનો અભાવ છે. ક્રિપ્ટોક્વોન્ટના જણાવ્યા અનુસાર, આ ધારકો ચોખ્ખા વેચાણકર્તા બની ગયા છે, અને છેલ્લા 12 મહિનામાં ચલણનો મોટો ભાગ વેચ્યો છે. ક્રિપ્ટો માર્કેટ કેપ 0.86 ટકા ઘટીને 2.29 ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બિટકોઈન ઈટીએફમાંથી 173..73 મિલિયન ડોલરનો આઉટફલો છે.

# એપ્રિલમાં સોનાનો ભાવ 6000 ડોલરને ટચ કરે એવી નિષ્ણાતની આગાહી

**જાણીતા** અર્થશાસ્ત્રી પીટર શીફના મતે એપ્રિલ 2026 સોના માટે ઘણો સારો સાબિત થશે

**માર્ચ**, 2026માં સોનાના ભાવમાં 17 વર્ષમાં સૌથી મોટો માસિક ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 3 : નાણાકીય વર્ષ પુર્ણ થયું ત્યારે માર્ચ મહિનામાં સોનાના ભાવમાં 17 વર્ષમાં સૌથી મોટો માસિક ઘટાડો નોંધાયો હતો. પરંતુ હવે જાણીતા અર્થશાસ્ત્રી પીટર શીફે સોનાના ભાવ અંગે એક નવી અને મોટી આગાહી કરી છે. તેમનું કહેવું છે કે એપ્રિલ 1980 પછી સોના માટે એપ્રિલ, 2026 શ્રેષ્ઠ મહિનો સાબિત થઈ શકે છે. શીફે સોનાના ભાવ માટે નવો લક્ષ્યાંક નક્કી કર્યો છે, જે હાલના સંજોગોમાં સામાન્ય લોકો માટે પણ ચોંકાવનારો છે.

સોના વિશે પીટર શિફની નવી ભવિષ્યવાણી કરી છે. જેમાં મીડલ ઈસ્ટના તણાવને કારણે સોનાના ભાવ પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે, જે હળવું થતું જોવા મળશે. બીજું કે ડોલરની જગ્યા ફરીથી સોનુ લેશે. જાન્યુઆરી મહિનામાં સોનાના ભાવે સર્વકાલીન ઊંચો રેકોર્ડ બનાવ્યો હતો, જ્યારે ફેબ્રુઆરી અને માર્ચમાં ભારે ઘટાડો થયો હતો. હવે પીઢ અર્થશાસ્ત્રી પીટર શીફ કહે છે કે એપ્રિલ મહિનો સોના માટે ખૂબ જ સારો સાબિત થવાનો છે. રોકાણકારો એ હકીકત પર નજર રાખી રહ્યા છે કે ટૂંકા ગાળામાં પણ ખરીદીની કોઈ તકો નથી. તેમનું કહેવું છે કે ટૂંકા ગાળાના ઘટાડા દરમિયાન મોટી ખરીદી જોવા મળી શકે છે.

# 1લી એપ્રિલથી PAN/TAN માં ધરખમ સુધારા

**PAN અરજીના સુધારા**

31-3-2026 સુધી PAN નંબર માટે આધારકાર્ડ માન્ય પુરાવો ગણાતો હતો પરંતુ 1લી એપ્રિલથી જન્મ તારીખના પૂરાવા તરીકે જેમકે જન્મનું પ્રમાણપત્ર, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ વિગેરે અલગ દસ્તાવેજ તરીકે આપવાના રહેશે. જો તમારા આધાર કાર્ડમાં સ્પેલીંગમાં કે કોઈ અન્ય ભૂલ હોય તો તે સુધારીને PAN માટે અરજી કરજો.

**નવા ફોર્મ**

હાલ સુધી PAN માટે ફોર્મ-49A અને 49AA હતા જેમાં તમામ પ્રકારના અરજદારો આવી જતા હતા, હવે ભારતીય નાગરિકો, માટે ફોર્મ-93, તે જ રીતે ભારતીય કંપનીઓ, HUF, ભારતમાં સ્થપાયેલી સંસ્થાઓ માટે ફોર્મ-94, બિન-નાગરીક માટે ફોર્મ-95 રહેશે.

**પૂરાવાઓ**

ઉપર જણાવ્યું છે તેમ ઓળખના પૂરાવામાં આધાર કાર્ડ મુખ્ય રહેશે, સાથે જન્મ તારીખનો સચોટ પુરાવો મેળવો ફરજિયાત છે. જો આધારમાં સરનામું સુધારેલ નહિ હોય તો છેલ્લામાં છેલ્લુ લાઈટબીલ, 3 મહિનાથી વધારે જૂનુ નહિ એવું બેંક સ્ટેટમેન્ટ કે ટેલીફોન બીલ આપી શકાય. બે પાસપોર્ટ સાઈઝના ફોટા જરૂરી રહેશે.

**HUF માટે**

ભારતીય હિન્દુ એક્ટ મુજબ પતિ-પત્ની અને બાળકોના HUF માટે કોઈ ખાસ રજીસ્ટ્રેશન જરૂરી નથી પરંતુ PAN નંબર લેતી વખતે કર્તાની ઓળખ અને સરનામાં સાથે એક એફીડેવીટ જોડવાની છે.

**TDS-TCS પત્રકોમાં ફેરફારો**

નાણાંકિય વર્ષ 2026-27 કે જે




હવે ટેક્ષ વર્ષ (Tax Year) તરીકે ઓળખાશે તે માટે નવા એડવાન્સ ટેક્સ ચલણો 280N પ્રસિદ્ધ થયા છે જે અગાઉ ચલણ નં.280 તરીકે જાણીતા હતા તથા Trs-TCS માટે ચલણ નં. 281N જે હાલમાં 281 તરીકે ઓળખાઈ છે. TDS-TCSના ચલણ નંબર 281N માટે કલમોને બદલે કોડ નંબર લખવાના રહેશે. આવા વિવિધ કલમોના લગભગ 94 જેટલા કોડ યાદ રાખવા મુશ્કિલ રહેશે. જે આઈ.ટી. પોર્ટલ પરથી જનરેટ કરીને ડાઉનલોડ કરવાના છે.

**ટેક્ષ ઓડિટ અને અન્ય ફોર્મ્સ**

» હાલ સુધી છેલ્લા 40 વર્ષોથી ટેક્સ ઓડિટના ફોર્મ્સ નં. 3CA, 3CB અને 3CD તરીકે જાણીતા હતા તે તમામ હવે ફોર્મ નં. 26માં ઈસ્યુ કરવાના રહેશે. (F.y.26-27થી)

» ઉપર જણાવ્યું તેમ PAN અરજી માટે ફોર્મ નં. 93, 94, 95 અને 96 રહેશે. (ચાલુ વર્ષેથી)

» ચેરીટેબલ ટ્રસ્ટો માટે આવક એકત્રિકરણ ફોર્મ નં. 9A અને 10ને બદલે ફોર્મ 108 અને 109 આપવાના છે અને ઓડિટ રીપોર્ટ ફોર્મ- 10B અને 10BB ને બદલે એક સીંગલ ફોર્મ નં. 112 આપવાનું રહેશે. (F.y.26-27 થી)

» પહેલી એપ્રીલ અને બીજી, ટ્રીબ્યુનલ અપીલ માટે ફોર્મ નં. 35 અને 36ને બદલે ફોર્મ નં. 99 અને ફોર્મ 115માંકરવાની છે. (1-4-2026થી)

» હાલ જે 15G Dvs 15H ના ફોરમ છે તેને બદલે ફોર્મ-121 સીંગલ ફોર્મમાં બેંકને આપવું પડશે. જે કરદાતાઓ યાદ રાખે અને પોતાના સી.એ.ને મળી લે. (ચાલુ વર્ષથી)

# મેટલની માગ વધી, કોપરમાં સારૂં પ્રદર્શન: કોપરના ઉત્પાદનમાં 9 ટકાનો વધારો

**સરકારી** કંપની હિન્દુસ્તાન કોપરે 3.67 મિલિયન ટન ખનન કર્યુ

નવી દિલ્હી, તા. 3: મેટલની માગમાં ઉછાળો જોવાયો છે અને વિવિધ મેટલની માગ વધતા ઉત્પાદનમાં પણ વૃદ્ધિ જોવા મળી છે, જેમાં સરકારી મેટલ કંપની હિન્દુસ્તાન કોપરે બિઝનેસ અપડેટ આપ્યા છે. જેમાં કંપનીએ જણાવ્યં છે કે, ગત વર્ષ કરતાં આ વર્ષે વધુ તાંબાનું ઉત્પાદન કર્યુ છે, જણાવી દઈએ કે કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા આ આંકડા હજુય પણ અસ્થાયી છે. જોકે, કંપનીના શેરનો ભાવ 0.68 ટકા ઘટીને રૂ. 492.65ના સ્તરે બંધ થયો હતો. જે ઉચ્ચસ્તરથી 35 ટકા ઘટ્યો છે.

સરકારી માલિકીની મેટલ કંપની હિન્દુસ્તાન કોપર લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26માં વધુ સારૂં ઉત્પાદન પ્રદર્શન નોંધાવ્યું હતું. કંપનીએ 27421 ટન કોપરનું ઉત્પાદન કર્યું હતું, જે પાછલા વર્ષ કરતા 9 ટકા વધારે છે. કંપનીએ 3.67 મિલિયન ટન કાચી ધાતુનું ખનન પણ કર્યું હતું, જે પાછલા વર્ષ કરતા 6 ટકા વધારે છે.

કંપનીએ કહ્યું હતું કે તે મધ્યપ્રદેશમાં નવો પ્લાન્ટ સ્થાપવા માટે લગભગ 470 કરોડ રૂપિયા ખર્ચ કરવાની યોજના બનાવી રહી છે. આ પ્લાન્ટ વાર્ષિક ૩૦ લાખ ટન તાંબાનુંઉત્પાદન કરી શકશે. ભારતમાં તાંબાનું ઉત્પાદન વધારવાના હેતુથી કંપની આ પગલું ભરી રહી છે. કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે તેનું બોર્ડ આર્ડી એન્જિનિયરિંગ લિમિટેડને સંપૂર્ણ કોન્ટ્રાક્ટ આપવા સંમત થયું છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો 149 ટકા વધીને 156 કરોડ રૂપિયા થયો છે, જે એક વર્ષ પહેલા 63 કરોડ રૂપિયા હતો. તે જ સમયે, કંપનીની ઓપરેટિંગ આવક પણ 110 ટકા વધીને 687 કરોડ રૂપિયા થઈ છે, જે એક વર્ષ પહેલા 327 કરોડ રૂપિયા હતી. એનએસઇ પર ઉપલબ્ધ આંકડા મુજબ સરકારી કંપનીએ છેલ્લા એક વર્ષમાં 119 ટકાનું વળતર આપ્યું છે. તે જ સમયે, તેણે ગયા વર્ષમાં 395 ટકાની તેજી દર્શાવી છે, જ્યારે છેલ્લા 5 વર્ષમાં તેણે રોકાણકારોને 292 ટકાનું વળતર આપ્યું છે.

# દેશમાં LPGનો પુરતો પુરવઠો, કોઈ અછત નથી: ઈન્ડિયન ઓઈલ

**ગેરરીતિ** અટકાવવા અને સંગ્રહખોરીને રોકવા માટે ઇન્ડેન દેશભરની રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે

નવી દિલ્હી, તા. 4: વૈશ્વિક ઉર્જા બજારોને અસર કરતી ચાલુ ભૂરાજકીય ઘટનાઓ છતાં, ભારતનો એલપીજી પુરવઠો પૂરતો છે, જે સ્થાનિકોને પ્રાથમિકતા આપવામાં આવે છે એમ આઈઓસીએલે જણાવ્યું છે.

ઈન્ડિયન ઓઈલે ઘરોમાં અવિરત એલપીજીએ પુરવઠો જાળવી રાખ્યો છે અને હાલમાં દરરોજ લગભગ 28 લાખ એલપીજી સિલિન્ડર પહોંચાડી રહ્યું છે, જે વર્તમાન ભૂ-રાજકાય તણાવની શરૂઆત પહેલા સામાન્ય ડિલીવરી સ્તર સાથે સુસંગત છે.

સોશિયલ મીડિયા અને ગ્રાહકોની ફરિયાદો દ્વારા ચોક્કસ એલપીજી વિતરકો દ્વારા ગેરરીતિઓના અહેવાલો નોંધાયા છે. કાળાબજાર અને સંગ્રહખોરીને રોકવા માટે, 7500થી વધુ વિતરકોની તપાસ કરી હતી, જેમાં 141 એલપીજી વિતરકો સામે કાર્યવાહી કરાઈ અને પાંચ વિતરકોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૫૩૬૦૦ |
| તેજાબી સોનું | ૧૫૩૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૯૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૦૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |